ક્રમાંક/સીટીએસ/બાંધકામ/૨૦૧૭/ ૮૭૯
રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,
બ્લોક નઃ- ૧, ત્રીજો માળ,જુના સચિવાલય,
ગાંધીનગર. તારીખઃ-૧૦/૦૭/૨૦૧૭
૨૭

પરિપત્ર :-

રાજ્યમાં તાલીમાર્થીઓની સંખ્યામાં વધારો થવાથી રાજ્ય સરકાર દ્વારા સરકારી ઔધોગિક તાલીમ સંસ્થાઓની સંખ્યામાં પણ જરૂરીયાત મુજબ વધારો કરી નવિન સંસ્થાઓની મંજૂરી આપવામાં આવે છે. જેના નવિન મકાન બાંધકામ માટે જમીનની જરૂરીયાત રહે છે. જમીન મેળવવા માટે નીચે મુજબની સ્થાયી કમિટિની ઝોન / રીજીયન વાઈઝ રચના કરવામાં આવે છે.

| અનુ. નં | અધિકારી / કર્મચારીની વિગત | કમિટિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | જે તે રીજીયન / વિભાગના ના.નિ.શ્રી (તા) | અધ્યક્ષ |
| ૨ | જમીન મેળવવાની છે તે સંસ્થાના નોંડલ આચાર્યશ્રી | સભ્ય |
| ૩ | જમીન મેળવવાની છે તે સંસ્થાના આચાર્યશ્રી | સભ્ય |
| ૪ | જમીન મેળવવાની છે તે સંસ્થાના ફોરમેન ઈન્સ્ટ્રક્ટર | સભ્ય |

આ કમિટીએ સંસ્થાના મકાન બાંધકામ માટે અનુકૂળ, સરકારી પડતર, દબાણમુકત, ગૌચર વિનાની, બિન વિવાદાસ્પદ જમીન પસંદ કરવાની રહેશે. પસંદ કરેલ જમીન સંસ્થાના મકાન બાંધકામ માટે અનુકૂળ છે કે કેમ ? તે અંગે સબંધિત માર્ગ અને મકાન વિભાગના અધિકારી પાસે સ્થળ નિરિક્ષણ કરાવી લેખિતમાં અભિપ્રાય મેળવવાનો રહેશે.

જમીન પસંદ થયા બાદ સબંધિત જમીન મેળવવા માટે સબંધિત કલેકટર / મામલતદાર કચેરીને નિયત નમુનામાં આધાર પુરાવાસહ દરખાસ્ત રજૂ કરવાની રહેશે. જેની એક નકલ અત્રે ફોલોઅપ માટે મોકલી આપવાની રહેશે.

જમીન ફાળવણી અંગેના હુકમો થયે જમીનની માપણી સબંધિત કાર્યવાહી D.I.L.R. (Distric Inspector of Land Records) કચેરી પાસે કરાવી જમીનનો કબજો મેળવી, કબજા પાવતી, માપણીશીટ, રોજકામ, જમીન ફાળવણી હુકમ તેમજ અન્ય સાધનિક કાગળોની અધ્યતન ફાઇલ સંસ્થા ખાતે રાખવાની રહેશે.

જમીનનો કબજો મેળવ્યા બાદ ફાળવેલ જમીનમાં કોઇપણ જાતનું અનઅધિકૃત દબાણ / પેશકદમી થાય નહિ તે માટે જરૂરી વાયર ફેન્સીંગ તેમજ જમીનના વિકાસ માટે યોગ્ય જગ્યાએ વૃક્ષો તથા ફૂલછોડના પ્લાન્ટેશન અંગેની કામગીરી પણ હાથ ધરવા જણાવવામાં આવે છે.

આ પરીપત્રનો તમામ સંસ્થાના વડાઓએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

નિયામક
રોજગાર અને તાલીમ
ગાંધીનગર.

નકલ રવાનાઃ-

૧. તમામ સંસ્થાઓના વડાઓ તરફ જરૂરી જાણ તેમજ અમલ અર્થે.

૨. નાયબ નિયામકશ્રી(તા) પ્રા.ક. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ તરફ જાણ તેમજ અમલ અર્થે.